## એક અલ્લડ સ્મિત-ગીત | ગુણવંત ઉપાધ્યાય

[**એક અલ્લડ છોકરી (ગઝલસંગ્રહ) :** કવિ : ડૉ. દિલીપ મોદી, પ્ર. આ. ૨૦૦૮, પ્રકાશક : સાહિત્યસંગમ, બાવાસીદી, પંચોળી વાડી સામે, ગોપીપુરા, સુરત-૩૯૫ ૦૦૧, ડેમી સાઇઝ, પૃ. ૧૧૦+૧૦, કિં. રૂ. ૧૧૦/-]

બિલકુલ અરૂઢ શૈલીમાં લખતા આધુનિક કવિ શ્રી રમેશ પારેખ તેમની એક ગીતપંક્તિ આમ લખે છે :

**એક છોકરી ના હોય તો કેટલા અરીસાઓ**
**સામટા ગરીબ થઈ જાય છે !**

શાશ્વત ચૈતન્યથી છલકતી છોકરી એટલે કલા અને આ કલા સામાન્યોને હાથવગી થતી નથી, સાધનાનો ધૂણો ધખાવનાર પર થોડી રીઝે ખરી ! અને જે કલાકારને કલા સ્વયં ચાહવા લાગે એની હાલત માઇકલ જૅક્સન, નરસિંહ કે મીરાં જેવી જ થાય એમાં શંકાને સ્થાન નથી.

આપણે જેમના સંગ્રહ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ એ તબીબ કવિ-ગઝલકાર પણ ગઝલ-ઈરાની સુંદરી જેના ઉછેરમાં અરબી સંસ્કારનું સિંચન થયેલ છે – એના પર નિછાવર છે એવું એમના દ્વારા પ્રકાશિત ગઝલ સંગ્રહોની સંખ્યા અને ગુણવત્તાના આધારે સહેજે કહી શકાય.

અરબી-ફારસી સંસ્કારબીજ તરીકે સુફીઇઝમની પાયારૂપ ઉપાસના પદ્ધતિ ઇશ્કે-હકીકી અને ઇશ્કે-મિજાજી એ ગઝલના આંતર સ્વરૂપમાં અખૂટ અને અમીટ રસતત્ત્વનું સિંચન ભર્યું છે તો સૌષ્ઠવ, માર્દવ, હંમેશાં તરોતાજા રાખતી ક્ષમતા, માધુર્ય – રસકેન્દ્ર અને લાઘવે ગઝલને લાક્ષણિકતા બક્ષી છે. આથી જ ગઝલ ચંચળ, કોમળ, નિર્મળ, શીતલ સંગીત કી દેવી સ્વરસજની અનુભવાય છે. જ્યાં કમનીયતા, મનોહારિતા અને દર્શનીયતા હોય ત્યાં અલ્લડપણું જાણે કે અનિવાર્ય બની જાય છે. અને એટલે જ ડૉ. દિલીપ મોદી પ્રસ્તુત સંગ્રહનું નામ પણ ‘એક અલ્લડ છોકરી’ આપે છે. અને આ જ શીર્ષક તળે દીર્ઘ નઝમનુમા ગઝલનું સર્જન પણ કરે છે. ઊઘડતા પાને છપાયેલી આ ગઝલના કેટલાક શે’ર આસ્વાદ્ય બન્યા છે; જેમ કે :

**એક અલ્લડ છોકરી ઉર્ફે ગઝલ**
**રાત છે કાળી અને સ્મરણો ધવલ**

S

**જોત જોતામાં વહી જાતી સદી**
**એક અલ્લડ છોકરી જાણે નદી !**

S

**એક અલ્લડ છોકરી થઈ ગઈ**
**બરફ**
**ના, નથી ઉચ્ચારતી એકે હરફ**

S

**મનની પણ એકાગ્રતા તૂટ્યા કરે**
**એક અલ્લડ છોકરી લૂટ્યા કરે**

પ્રસ્તુત ગઝલસંગ્રહમાં કેલેન્ડર વર્ષ-૧૯૯૨માં ૧૩, વર્ષ-૧૯૯૩માં ૫૦, વર્ષ-૧૯૯૪માં ૩૪ અને વર્ષ-૧૯૯૫માં લખાયેલ ૬ ગઝલો સહિત કુલ ૧૧૩ ગઝલો સંગ્રહિત – પ્રકાશિત થયેલ છે. એમના દ્વારા સર્જાયેલ ગઝલો તપાસતાં પ્રથમ દૃષ્ટિએ જ કવિ રંગે-તગઝ્ઝુલ (પ્રેમરંગ)ના કવિની છાપ ઉપસાવે છે. થોડી રચનાઓમાં તસવ્વુફ (અધ્યાત્મ-દર્શન) અને તખય્યુલ (કલ્પનાસૃષ્ટિ)ની પણ ઝાંખી થઈ આવે છે. પૃ. ૫૭ પર છપાયેલ ગઝલ ‘સૂફી નદી’ રંગે તખય્યુલ તો પૃ. ૪૩ પર છપાયેલ ગઝલ ‘ટહુકી છે સખી’માં ગઝળ સ્વરૂપમાં ત્રણેત્રણ રંગ તગઝ્ઝુલ, તસવ્વુફ અને તખય્યુલ માણવા મળે છે.

આ ત્રણે રંગોનો ગઝલમાં વિનિયોગ કવિ મૃદુ મિજાજ હોવાની સાક્ષી પૂરે છે. ગઝલ અને ગઝલકારના કર્તૃત્વને તપાસતાં એ પણ માલૂમ પડે છે કે કવિ દિલીપ મોદીની શાયરીનું ગોત્ર રિવાયતી (પરંપરિત) છે, નહીં કે જદીદ (આધુનિક). ઉર્દૂ ગઝલે સાતમા તબક્કા અને ગુજરાતી ગઝલે પોતાની પરંપરા માત્ર ૧૦૦-૧૨૫ વર્ષોમાં સર્જી અનુઆધુનિકતાના પાંચમા તબક્કામાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગઝલોએ સમયની ઝડપ સાથે સાથે જ પોતાનું આંતરબાહ્ય વિશ્વ બદલ્યું છે, વિષયવૈવિધ્યનો વ્યાપ વધતો જ જાય છે ત્યારે સારા કવિએ પણ સમય સાથે ચાલવું જોઈએ. અન્યથા કવિ સ્વયં રચેલ વર્તુળ(ભાવવિશ્વ)માં સીમિત થઈ જવાની પૂરેપૂરી સંભાવનાઓ છે.

**રોજ મિટતા જાતા હૂં મૈં થોડા થોડા**
**રોજ બઢતા જાતા હૂં મૈં થોડા થોડા**
**ખુદ મેં આને-જાને સે અહેસાસ હૈ**
**રબ સે મિલતા જાતા હૂં મૈં થોડા**
**થોડા !**

કવિનું વલણ આવું હોવું જોઈએ. કવિ સ્વયં પણ આ વાતથી જરાયે અજાણ્યા નથી એ નીચેના શે’રથી જાણી શકાય છે.

**તું તરસના વ્યાપની શંકા ન કર**
**બુંદમાંથી એક દરિયો થઈ શકું.** (પૃ. ૧૦૯)

તો સાથે સાથે જ ગઝલ સાધનાવિષયક સાંપ્રતથી સંભ્રાન્ત નથી :

**ચાખ ફળ ! ક્ષણની તપસ્યાનું**
**‘દિલીપ’**
**સ્વાદ સૌ બદલાઈ ચાલ્યા આજકાલ.** (પૃ.૧૦૭)

છેક આઠમા દાયકાથી જ ગુજરાતી ગઝલપરંપરાની ભાવનગર-સૌરાષ્ટ્ર પછીની તરતની ‘ગઝલસ્કૂલ’ એવા સુરત-રાંદેરની પુણ્યભૂમિમાં શ્વસતો કવિ ગઝલને જ સર્વસ્વ ગણી ધૂણો ધખાવી બેઠો છે ત્યારે નવા-નિરાળા રદીફ સાથે અંતરંગને આ રીતે વાચા આપે છે :

**મારી ઇચ્છાનું મૌન હોવું છે**
**તોય પડઘી જવાય છે સાલું !** (પૃ. ૭)

આ કવિ માત્ર સમયની સાથે ચાલે છે એટલું જ નહિ, પરંતુ સમય નામના કોઈ ગેબી પદારથને પ્રવાહી બનાવી ગટગટાવી જાય છે :

**ગટગટાવી હું ગયો સ્મરણો બધાં**
**કોણ કહે છે મેં સમય પીધો નથી.** (પૃ. ૮)

દરેક યુગમાં કલાકાર, સાચા કલાકારને વળગી રહેતાં ‘અભિશાપ’ને કવિ આ રીતે અભિવ્યક્ત કરે છે ત્યારે જુદા જ ‘અંદાજે બયાં’નો આપણને અનુભવ થાય છે :

**અંધારું મારું હોવું છે**
**અજવાળું મારું શમણું**
**છે.**
**તારી ખામોશીનું પુસ્તક**
**મુશ્કેલીથી વાંચ્યું છે.** (પૃ. ૧૬)

કવિ શ્રી ડૉ. દિલીપ મોદીએ ગઝલકાર-કવિ તરીકે કોઈ તખલ્લુસ (ઉપનામ) ધર્યું નથી. તેમ છતાં રમેશ પારેખની જેમ જ સ્વનામને યોજીને મક્તઆના સરસ શે’ર સર્જી શકે છે. ઉદાહરણ તરીકે મક્તઅના માત્ર ત્રણ અશઆર :

**પંખી છું પાંખો વગરનું હું**
**‘દિલીપ’**
**આભનો ટુકડો મને શાને ધર્યો !**
(પૃ. ૪૧)

S

**રાહ જોઈ જોઈને થાક્યો ‘દિલીપ’**
**એ ન આવી તો ગઝલ આવી પડી.** (પૃ.
૪૦)

S

**વિસ્મયોની યાદી લાંબી છે**
**‘દિલીપ’**
**મેં વગર પૂછ્યે ગઝલમાં સૌ કહી.** (પૃ. ૫૭)

આમ આ કવિ લાંબી-ટૂંકી બહર, છંદવિષયક વૈવિધ્ય સાથે ભાવ-ભાષાને ખેડે છે. એનાં સારાં પરિણામો સાંપડ્યાં છે. છંદવિષયક વાત કરીએ ત્યારે આ કવિને પ્રિય એવો રમલ છંદ ઠેર-ઠેર નજરે પડશે તો લખવાની અતિશયતા એમને દર્શકવાચક સર્વનામ ‘‘આ’’ના અતિરેક તરફ દોરી જાય છે જેનાથી ક્યારેક ક્યારેક ‘આ’ દર્શકવાચક સર્વનામ ફાંસ રૂપે ખટકે પણ છે. ડૉ. વિનોદ જોશીના શબ્દોમાં :

**ફાંસ જરા શી વાગી ગઈ ને**
**ખટકે છે કંઈ અંદર અંદર**

આ સિવાય આ કવિ અસંખ્ય સારા શે’ર નિપજાવી શક્યાના સંતોષનો ઓડકાર કવિપક્ષે અને ભાવકપક્ષે પણ લઈ શકાય છે. કવિ બહુલતા ત્યજી ભાવને, છંદને ઘૂંટી ઘૂંટી લખશે તો હજુ પણ ઘણાં સારાં પરિણામો આવવાની શક્યતા તાગવી, ઇચ્છવી ગમે છે.

આ સમીક્ષા-લેખાંકનું સમાપન પણ રમેશ પારેખના શે’રથી મક્તઅના શે’ર તરીકે :

**પથ્થર કરે છે પ્રશ્ન મને હાવભાવ છે ?**
**શિલ્પી સિવાય સૌના જવાબો ઉડાવ છે.**